રાષ્ટ્રિય સામાજિક સહાય કાર્યક્રમ હેઠળની
યોજનાઓના અમલ તથા તેની જોગવાઈ હેઠળ
સહાય મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર.
સમાજ કલ્યાણ વિભાગ.
ઠરાવ ક્રમાંક : વીએનપી/૧૦૯૫/આઈ-૭૭/છ-૧

સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૫-૯-'૯૫

વંચાણે લીધા :- ભારત સરકારના ગ્રામિણ વિકાસ મંત્રાલયના તા.૧૪-૮-૯૫ ના અ.સ.પ. ક્રમાંક:પી/૧૮૦૨૦/૧/૯૫-એનએસએપી.

ઠરાવ..

ભારત સરકારના ગ્રામિણ વિકાસ મંત્રાલયના ઉપરોક્ત પત્રમાં જણાવ્યા મુજબ માન. વડા પ્રધાનશ્રીએ તા.૨૮-૭-૯૫ ના રોજ કરેલ જાહેરાત મુજબ રાષ્ટ્રિય સામાજિક કાર્યક્રમ હેઠળ નીચે પ્રમાણેની ત્રણ યોજનાઓ કેન્દ્ર સરકાર દ્વારા તા.૧૫-૮-૯૫ થી અમલમાં મુકવામાં આવી છે.

૧. રાષ્ટ્રિય વૃધ્ધ પેન્શન યોજના ( એનઓએપીએસ )
૨. રાષ્ટ્રિય કૌટુંબિક સહાય યોજના. (એનએફબીએસ)
૩. રાષ્ટ્રિય પ્રસુતિ સહાય યોજના (એનએમબીએસ)
૪.

ભારત સરકારની ઉપરોક્ત યોજનાની વિગતો આ ઠરાવ સાથે બિડવામાં મુકવામાં આવેલ કેન્દ્ર પુરસ્કૃત આ ત્રણ યોજનાઓના અમલ સબંધી વહીવટી તંત્રનુ માળખુ ગોઠવીને તે અંગેની સહાય મંજુર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જરૂરી વિચારણાને અંતે સદરહુ યોજનાઓના અનુસંધાને અનુ. નં.૧ અને ૨ ની યોજનાઓના અમલીકરણ અને મોનીટરીંગની કાર્યવાહીની બાબતમાં નોડલ એજન્સી તરીકે સમાજ કલ્યાણ વિભાગ કરશે. જ્યારે અનુ નં.૩ ની યોજનાના અમલની બધી કાર્યવાહી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તક રહેશે.

૨. આ વિગતે સમાજ કલ્યાણ હસ્તકની બે યોજનાના અમલ સબંધી ભારત સરકારની સુચનાઓને ધ્યાનમાં લઈને નીચે મુજબની કાર્યવાહી કરવાનુ નક્કી કરવામાં આવેલ

૧. ભારત સરકારની વૃધ્ધોને પેન્શન આપવાની યોજના.
.......................................

૧. આ યોજના હેઠળ ૬૫ વર્ષ કે તે કરતાં વધુ ઉંમરની વૃધ્ધ વ્યક્તિઓને ( પુરૂષ અને સ્ત્રી) ને માસિક રૂા.૭૫/-ના દરે સહાયની ચુકવણી કરવામાં આવશે.
૨. સહાય મેળવવાને પાત્રતા માટે રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાયની યોજના હેઠળ નક્કી કરવામાં આવેલ ધારા ધોરણો અને શરતો લાગુ પાડવામાં આવે છે.
૩. કેન્દ્ર સરકાર પુરસ્કૃત આ યોજના હેઠળ મળનાર ગ્રાન્ટ સબંધી જિલ્લાના કલેકટરશ્રીને કેન્દ્ર સરકાર દ્વારા બારોબાર ફાળવવામાં આવનાર છે. આથી યોજનાના અમલ માટે જીલ્લા કક્ષાએ જે તે જીલ્લાના કલેક્ટર નોડલ એજન્સીસ તરીકે કામગીરી બજાવશે.
૪. આ યોજના હેઠળ આવી રીતે અરજીઓને સ્વીકારીને તે મજુર કરવા અને સહાયની ચુકવણી કરવાની ( )
૫. સહાયની ચુકવણી લાભાર્થીઓનુ બેંકમાં ખાતુ ખોલાવીને તે મારફત અથવા તે અંગે મુશ્કેલીઓ હોય તો મનીઓર્ડર દ્વારા સહાયની ચુકવણી કરવાની રહેશે. સહાય રોકડામાં ચુકવી શકાશે નહીં.

૧) કેન્દ્ર સરકારની યોજના હેઠળ ૬૫ વર્ષ ઉપરની ઉંમરે પહોંચેલ હોય અને જે નિરાધારના ધોરણ માં આવતા હોય તેવા વૃધ્ધ સ્ત્રી પુરુષ ને પેન્શન મળવા... છે. રાજ્ય સરકારે તાજેતરમાં તા.૧-૭-૯૫ થી રાજ્ય સરકારની વૃધ્ધ પેન્શન ... હેઠળ સહાયનું ધોરણ મા સિક રૂા.૧૨૦/-થી વધારીને રૂા.૨૦૦/- કરેલ છે. જે વૃદ્ધ... કેન્દ્ર સરકારની સહાય મળવાપાત્ર છે. તેઓને કેન્દ્રના રૂા.૭૫/-અને રાજ્યના રૂા.૧... તે રીતે ભાગ પાડીને ચુકવણી કરવાની રહેશે. અને તે મુજબ હિસાબો પણ રાખવાના રહેશે.

૨. રાષ્ટ્રિય કુટુંબ સહાય યોજના.

આ યોજના હેઠળ કુટુંબ પરિવારની મુખ્ય કમાનાર વ્યકિતનું કુદરતી સંજોગોમાં અથવા અકુદરતી કે અકસ્માતમાં મૃત્યુ થાય ત્યારે કુટુંબ પર આવેલા આફતમાં તે કુટુંબને સહાયરૂપ થઈ શકાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા ઉચ્ચક રોકડ સહાય આપવાની જોગવાઈ આ યોજનામાં કરવામાં આવી છે. આ યોજના હેઠળ સહાયની ચુકવણી માટે નીચેના ધારા-ધોરણો લાગુ પડશે.

૧) આ યોજના હેઠળ સહાયની પાત્રતા માટે ગરીબી રેખાની નીચે જીવન જીવતા કુટુંબનો સહાય સમાવેશ થાય છે.

૨) આવુ મૃત્યુ થાય, ત્યારે મુખ્ય કમાવાનાર વ્યકિત (તે અથવા તેણીની) કુટુંબ વય ૧૮ વર્ષથી વધુ અને ૬૫ વર્ષથી ઓછી હોવી જોઈએ.

૩) કુદરતી સંજોગોને કારણે મૃત્યુ થયુ હોય તેવા કિસ્સામાં રૂા.૫૦૦૦/-અને અકસ્માતને કારણે મૃત્યુ થાય તેવા સંજોગોમાં ઉચ્ચક કેન્દ્રીય સહાય રૂા. ૧૦૦૦૦ ની મર્યાદામાં મળવાપાત્ર થશે. સહાયની રકમ જેમ બને તેમ તાકીદે મંજુર કરવાની રહેશે.

સહાય મેળવવા માટે આવેલી અરજીઓને મંજુર કરવા અંગે મહાનગર પાલીકા શહેરી વિસ્તાર ગ્રામ્ય વિસ્તારમાં તેની મંજુરી અને ચકાસણી માટે નીચે પ્રમાણેની કાર્યવાહી કરવા નિર્ણય લેવામાં આવેલ છે.

(૧) મહાનગર પાલિકા હેઠળના વિસ્તારો.

(ક) ભારત સરકારે નક્કી કરેલ ધારા-ધોરણ પ્રમાણે આ અરજીઓની પાત્રતા ધ્યાનમાં રાખી તે અન્વયે સહાય મંજુર કરવાની સત્તા કમિશનરશ્રીની રહેશે.

(ખ) સહાય મેળવવાની અરજી સાથે કુટુંબના કુલ સભ્યો તેમાં કમાનાર વ્યકિતઓ આશ્રિતો, વગેરે માહિતીના પુરાવા અંગે મહાનગર પાલિકાના સબંધીત વોર્ડના કોઈપણ કાઉન્સીલર અથવા મેયર સંધાયી કમિટિના અધ્યક્ષ પાસેથી પ્રમાણપત્ર મેળવીને અરજી સાથે સામેલ રાખવાના રહેશે.

(ગ) દાવા અરજી સાથે મૃત્યુ થયે રજુ કરેલ પ્રમાણપત્રો અને અન્ય હકીકતો ( જેવી કે ગરીબી રેખા નીચે જીવતા હોવા અંગેના પુરાવાઓ) વિગેરે સાચી હોવા અંગેની ચકાસણી સબંધિત વોર્ડના સેનેટરી ઈન્સ્પેકટર અથવા ઉપલી XXXXX કેડરના અધિકારીઓ મારફત થયા બાદ મ્યુનિ.કમિશનરશ્રીને મંજુરીમાટે રજુ કરવાની રહેશે. આ બાબતમાં ચકાસણી અને મંજુરી અંગેના વિગતવાર નિયમો કમિશનરશ્રીએ નકકી કરવાના રહેશે.

૨) શહેરી વિસ્તાર.
................

મહાનગર પાલિકા સિવાયના વિસ્તારમાં સહાય મંજુર કરવાની સત્તા જે તે વિસ્તારના પ્રાંત અધિકારીશ્રીને સોંપવામાં આવે છે.

ખ) શહેરી વિસ્તારમાં સહાય મેળવવાની અરજી સાથે કુટુંબના કુલ સભ્યો, તેમાં કમાનાર વ્યક્તિઓ, આશ્રિતો વગેરે માહિતીના પુરાવા અંગે નગરપાલિકાના અધ્યક્ષ અથવા સબંધિત વોર્ડના કાઉન્સીલર તરફથી પ્રમાણપત્ર મેળવીને અરજી સાથે સામેલ રાખવાનું રહેશે.

ગ) દાવા અરજી સાથે રજુ કરેલ મૃત્યુ પ્રમાણપત્ર અને અન્ય હકીકતો (જેવી કે ગરીબી રેખા નીચે જીવન જીવતા હોવા અંગેના પુરાવા વિગેરે) સાચી હોવા અંગેની ચકાસણી જે તે વિસ્તારના તલાટી કમ મંત્રી, નાયબ મામલતદાર/મામલતદાર મારફત થયા બાદ, મંજુરી માટે પ્રાંત અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.

૩) ગ્રામ્ય વિસ્તાર.

ક) ગ્રામ્ય વિસ્તારો માટેની આવી દાવા અરજીઓ મંજુર કરવાની સત્તા સબંધિત જીલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી હસ્તક રહેશે.

ખ) સહાય મેળવવાની અરજી સાથે, કુટુંબના કુલ સભ્યો, તેમાં કમાનાર વ્યક્તિઓ આશ્રિતો વિગેરે માહિતીના પુરાવા અંગે, ગામના સરપંચ અથવા ગ્રામ પંચાયતના એક સભ્ય તરફથી પ્રમાણપત્ર મેળવીને અરજી સાથે સામેલ રાખવાનું રહેશે.

ગ) દાવા અરજી સાથે રજુ કરેલ મૃત્યુ પ્રમાણપત્ર અને અન્ય હકીકતો (જેવી કે ગરીબી રેખા નીચે જીવન જીવતા હોવા અંગેના પુરાવાઓ વિગેરે સાચી હોવા અંગેની ચકાસણી તલાટી કમ મંત્રી અને તાલુકા xxxxxx વિકાસ અધિકારી મારફત થયા બાદ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને મંજુરી માટે મોકલી આપવાની રહેશે.

૪) રાજય કક્ષાએ યોજનાઓના અમલ કરવા અને દેખરેખ રાખવા માટે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળની તથા જીલ્લા કક્ષાએ સબંધિત જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપણ હેઠળ સમિતિ કાર્યવાહી કરશે. જે અંગ અલાયદી રીતે સમિતિઓની રચના કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૫) આ બન્ને યોજનાઓના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા મળવાપાત્ર નાણાં જે તે જીલ્લાના કલેકટરશ્રી હસ્તક કેન્દ્ર સરકાર દ્વારા બારોબાર ફાળવવામાં આવશે. અને તે માટે સબંધિત કલેકટરશ્રીએ અલગ પીએલએ એકાઉન્ટ ખોલાવીને નિભાવવાનું રહેશે.

૬. આ હુકમો આ વિભાગને સરખા નંબરની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૩/૯/૯૫ના રોજ સંમતિ મેળવીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે...

સહી/----

(ટી.સી.એ.રંગદુરાઈ.)
અધિક મુખ્ય સચિવશ્રી.
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

× રાજ્યપાલશ્રીના સચિવશ્રી.ગાંધીનગર.
× મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી.ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.ગાંધીનગર.
સર્વે નાયબ મંત્રીશ્રીઓ/સંસદ સચિવશ્રીઓના અંગત સચિવશ્રી
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય.ગાંધીનગર.
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય.ગાંધીનગર.
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.સચિવાલય.ગાંધીનગર.
મહેસુલ વિભાગ, સચિવાલય/ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય.ગાંધીનગર.
નાણાં વિભાગ, સચિવાલય/ગાંધીનગર.
સચિવાલયના અન્ય વિભાગો..
નિયામકશ્રી,સમાજ સુરક્ષા,અમદાવાદ.
વિકાસ કમિશ્નરશ્રી ગુ.રા..ગાંધીનગર.
નિયામકશ્રી.નગરપાલિકાઓ.
સર્વે મ્યુનિસીપલ કોર્પોરેશન
એકાઉન્ટ જનરલ,ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ.
હિસાબ અને તિજોરી... / પગાર અને હિસાબી અધિકારી,અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી.ગાંધીનગર.
× અન્ય પછાત વર્ગો માટેનું પંચ ગાંધીનગર.
× સચિવશ્રી.ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.
× રજીસ્ટ્રાર શ્રી ગુજરાત હાઈકોર્ટ.અમદાવાદ.
× સચિવશ્રી.તકેદારી આયોગ ગાંધીનગર.
× સચિવશ્રી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ.અમદાવાદ
× સચિવશ્રી.ગુજરાત વિધાનસભા સચિવાલય.ગાંધીનગર.
× સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.ગાંધીનગર.
સમાજ કલ્યાણ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ.બોર્ડો.કોર્પોરેશન.
કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ ગુ.રા.અમદાવાદ.
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ (તેમના તાબા હેઠળના પ્રાંત અધિકારીશ્રીઓને જરૂરી જાણ કરવાની વિનંતી સહ..
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.(તેમના તાબા હેઠળના સર્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને જરૂરી જાણ કરવાની વિનંતી સહ.)
વિભાગની તમામ શાખાઓ..
સિલેકટ ફાઈલ છ-૧ શાખા.સમાજ કલ્યાણ વિભાગ..